ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ફાગણ સુદ ચૌદસ, ગુરુવાર ૧૩ માર્ચ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૦૯

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વીજ કટોકટી સર્જાઈ: મોટું પાવર ગ્રિડ ફેલ્યોર

40 ડિગ્રી વચ્ચે ભરબપોરે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વીજળીડૂલ

ઉકાઈ TPSની 4 યુનિટ ટ્રિપ થતાં 500 મેગાવોટ વીજ ઉત્પાદન અટકી ગયું

ગરમીમાં લોકો શેકાયા, વીજના અભાવે ધંધા-ઉદ્યોગ થંભી ગયા

જો ગરમીને ધ્યાને લઈ આગોતરી સ્ટ્રેસ ટેસ્ટ અને પાવર રીડિસ્ટ્રીબ્યુશન કરવામાં આવતે, તો આટલી મોટી ઘટના ટાળી શકાતે!

સુરત: સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે કલાકો સુધી વીજ પુરવઠા પર અસર જોવા મળી હતી. જેના કારણે અનેક વિસ્તારોમાં અંધકાર છવાઈ ગયો હતો. ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (TPS)ની 4 યુનિટ ટ્રિપ થવાથી 500 મેગાવોટ વીજ ઉત્પાદન અટકી ગયું અને સમગ્ર દક્ષિણ ગુજરાતના વીજ પુરવઠાની કટોકટી સર્જાઈ હતી. હવામાન વિભાગે ચાલુ સપ્તાહમાં કાળઝાળ ગરમીના વર્તારા સાથે ઓરેન્જ અને યલો એલર્ટના સિગ્નલ જાહેર કર્યા છે, ત્યારે બીજી તરફ આજે સુરત શહેર, જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતમાં ભરબપોરે પાવર

...અનુસંધાન પાના 4 પર

પૂર્વ તૈયારીની ગેરહાજરી અને અસફળ મેનેજમેન્ટના કારણે મોટી વીજ ખામી સર્જાઈ: DGVCLના MD

DGVCLના MD યોગેશ ચૌધરીએ જણાવ્યું કે, 400 KV હાઈ વોલ્ટેજ સોર્સ લાઈન ટ્રિપ થઈ ગઈ છે. સ્ટેટ લોડ ડિસ્પેન્ચ સેન્ટર (SLDC, જાંબુઆ) પર વીજ પુરવઠો રિસ્ટોર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે અને એક કલાકમાં સમસ્યા દૂર કરી દેશે. જો કે, પૂર્વ તૈયારીની ગેરહાજરી અને અસફળ મેનેજમેન્ટના કારણે આટલી મોટી વીજ ખામી સર્જાઈ છે.

ટ્રેનો અટકી ગઈ, સુમુલમાં જનરેટર ચાલુ કરવું પડ્યું

અચાનક વીજ પુરવઠો કટ થતાં જનજીવન થંભી ગયું હતું. લોકો ઘર-ઓફિસમાં પરસેવે રેબઝેબ થવા લાગ્યા હતા. બીજી તરફ પાવર સપ્લાય અટકી જતાં રેલ વ્યવહાર પણ ઠપ્પ થઈ ગયો હતો. સુમુલ ડેરીનો પ્લાન્ટ પણ બંધ થયો હતો. પ્લાન્ટ શરૂ કરવા જનરેટર ચાલુ કરવા પડ્યા હતા. ઈન્ટરનેટ સેવા પણ ઠપ્પ થઈ હતી.

ગ્રિડ ફેલ્યર માટે કોની ભૂલ કહી શકાય?

ઉનાળાના દિવસોમાં વીજ વપરાશ ખૂબ જ વધે છે. એવા સમયે, ગ્રિડની ક્ષમતા અને તેનું લોડ મેનેજમેન્ટ વધુ મજબૂત હોવું જરૂરી હતું. જો ગરમીને ધ્યાને લઈ આગોતરી સ્ટ્રેસ ટેસ્ટ અને પાવર રીડિસ્ટ્રીબ્યુશન કરવામાં આવતે, તો આટલી મોટી ઘટના ટાળી શકાતે. ઉકાઈ TPSની 4 યુનિટ એક સાથે ટ્રિપ થઈ, જે કુલ 500 MW પાવર લોસનું મુખ્ય કારણ

...અનુસંધાન પાના 4 પર

પાકિસ્તાન ટ્રેન હાઈજેક

તમામ ત્રાસવાદીઓ માર્યા ગયા, અમુક બંધકોનાં પણ મોત

ટ્રેન પરના હુમલામાં 70-80 ત્રાસવાદીઓ સામેલ હતા

મોટી સંખ્યામાં બંધક મુસાફરોને બચાવી લેવામાં આવ્યાનો દાવો

કરાચી-ઈસ્લામાબાદ, તા. 12 (PTI): પાકિસ્તાની સુરક્ષા દળોએ અશાંત બલુચિસ્તાનમાં એક ટ્રેન પર કબજો જમાવીને બેસેલા તમામ ત્રાસવાદીઓને મારી નાખ્યા છે, એમ સરકારી મીડિયાએ બુધવારે અહેવાલ આપ્યો હતો. સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું કે કેટલાક બંધકો માર્યા ગયા હતા.

નવ કોચમાં લગભગ 400 મુસાફરોને લઈને જાફર એક્સપ્રેસ ક્વેટાથી પેશાવર જઈ રહી હતી ત્યારે ત્રાસવાદીઓએ વિસ્ફોટકોનો ઉપયોગ કરીને તેને પાટા પરથી ઉતારી દીધી હતી અને ક્વેટાથી 160 કિલોમીટર દૂર એક સુરંગમાં ગુડાલર અને પીરુ કુનરીના પર્વતીય પ્રદેશ નજીક તેને હાઈજેક કરી હતી.

બલૂચ લિબરેશન આર્મીએ (બીએલએ) મંગળવારે હુમલાની જવાબદારી સ્વીકારી હતી અને કહ્યું હતું કે તેમણે 6 સૈનિકોને મારી નાખ્યા છે. જો કે, મુસાફરો કે સુરક્ષા કર્મચારીઓના જાનહાનિ અંગે પાકિસ્તાની

...અનુસંધાન પાના 4 પર

પાકિસ્તાને ટ્રેન હાઈજેકનો આરોપ ભારત પર લગાવ્યો

નવી દિલ્હી. 11 માર્ચે પાકિસ્તાનના બલુચિસ્તાનમાં એક મોટી ઘટના બની, જ્યારે બલુચ લિબરેશન આર્મી (બીએલએ) નામના સંગઠને જાફર એક્સપ્રેસ ટ્રેનને હાઈજેક કરી હતી. આ ટ્રેન ક્વેટાથી પેશાવર જઈ રહી હતી અને તેમાં 400થી વધુ મુસાફરો હતા. બીએલએએ સોશિયલ મીડિયા પર એક નિવેદન બહાર પાડીને કહ્યું કે, બોલાન જિલ્લામાં તેના લડવૈયાઓએ રેલવે ટ્રેક ઉડાવી દીધા અને જાફર એક્સપ્રેસનું અપહરણ

...અનુસંધાન પાના 4 પર

શાહજહાંપુરની 'લાટ સાહેબ' હોળીને ધ્યાનમાં રાખતા મસ્જિદોને તાડપત્રીથી ઢાંકવામાં આવી

હોળીની ઉજવણીને જોતા અયોધ્યામાં શુક્રવારની નમાઝ બપોરે 2 વાગ્યા બાદ અદા કરાશે

શાહજહાંપુર-અયોધ્યા (ઉ.પ્ર.), તા. 12 (PTI): અહીં પરંપરાગત 'લાટ સાહેબ' હોળી શોભાયાત્રાના માર્ગ પરની મસ્જિદોને તાડપત્રીથી ઢાંકવામાં આવી છે અને રંગોના તહેવાર પહેલા કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જે શુક્રવારની નમાજ સાથે આવી રહ્યો છે.

18મી સદીની પરંપરા મુજબ શાહજહાંપુરમાં હોળીની શરૂઆતમાં બળદગાડા પર એક શખ્સ 'લાટ સાહેબ' (બ્રિટિશ અધિકારી 'લોર્ડ') બનીને બેસે છે અને તેના પર જૂતા ફેંકવામાં આવે છે.

સ્થાનિક વહીવટીતંત્રે શોભાયાત્રાના માર્ગ પર બેરિકેડ ઉભા કર્યા છે અને ઘણા સીસીટીવી કેમેરા લગાવ્યા છે.

શહેરમાં 18 હોળી શોભાયાત્રાઓ છે, જેમાં બે મુખ્ય 'લાટ સાહેબ' શોભાયાત્રાઓ સામેલ છે. સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, મોટી શોભાયાત્રાને ત્રણ ઝોન અને આઠ સેક્ટરમાં વહેંચવામાં આવી છે, જેમાં લગભગ 100 મેજિસ્ટ્રેટ તૈનાત છે', એમ પોલીસ અધિક્ષક રાજેશ એસ.એ પીટીઆઈને જણાવ્યું હતું.

'લગભગ 350 સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. વધુમાં માર્ગમાં આવતી લગભગ 20 મસ્જિદોને તાડપત્રીથી ઢાંકવામાં આવી છે જેથી તેની ઉપર રંગના ડાઘ ન પડે, આ સાથે જ મસ્જિદ નજીક બેરીકેડ પણ લગાવવામાં આવેલા છે.' આ અઠવાડિયે હોળીની ઉજવણીને જોતા અયોધ્યામાં શુક્રવારની નમાઝ બપોરે 2 વાગ્યા બાદ અદા કરવામાં આવશે, એમ શહેરના અગ્રણી મૌલવીએ જણાવ્યું હતું.

...અનુસંધાન પાના 4 પર

કોંગ્રેસે જ શશી થરૂર માટે બેઠક નકારી હતી

સત્તાધારી ભાજપની આગેવાની હેઠળના ગઠબંધન અને વિપક્ષ વચ્ચેના શત્રુતાપૂર્ણ માહોલ વચ્ચે કોંગ્રેસ ભગવા પક્ષ પાસેથી શાંતિ સ્થાપિત કરવામાં સફળ રહી. જ્યારે કોંગ્રેસના સાથી ઇન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ) એ કેરળના તિરુવનંતપુરમમાં કેન્દ્ર દ્વારા સંચાલિત ચિત્રા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સની ગવર્નિંગ બોડીમાં વિપક્ષને ફાળવવામાં આવેલી એકમાત્ર બેઠક પર આગ્રહ રાખ્યો ત્યારે કોંગ્રેસ નેતૃત્વ મૂંઝવણમાં મુકાયું. કારણ કે, તિરુવનંતપુરમના પાર્ટી સાંસદ શશી થરૂર પણ તે ઇચ્છતા હતા. કેરળના સાથી પક્ષને ખુશ કરવા માટે કોંગ્રેસ આઈયુએમએલની માંગ સાથે સંમત થઈ. ત્યાર બાદ લોકસભામાં કોંગ્રેસના નાયબ નેતા કોડિકુનિલ સુરેશે, જે કેરળના જ સાંસદ છે, કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલ સાથે આ મુદ્દા પર ચર્ચા કરી, જેમણે બદલામાં ગુજરાત માં સમાન

...અનુસંધાન પાના 4 પર

તા. ૧૨-૦૩-૨૦૨૫નું સુરત શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૬.૨° સે.	૨૫.૨° સે.	૩૮%

સ્ટીલ, એલ્યુમિનિયમની આયાત પર ટ્રમ્પની 25% ટેરિફ લાગુ

આ ટેરીફથી અમેરિકી ફેક્ટરીમાં રોજગારીનું સર્જન થશે: ટ્રમ્પ

યુરોપિયન યુનિયને વળતા જવાબમાં અમેરિકન ઉત્પાદો પર 28 બિલિયન ડોલર મૂલ્યના વેરા લગાવ્યા

વોશિંગ્ટન, તા. 12 (AP): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે સત્તાવાર રીતે સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ટેરીફ વધારીને 25 ટકા કર્યો હતો સાથે જ વચન આપ્યું હતું કે આ જકાતથી અમેરિકી ફેક્ટરીમાં રોજગારીનું સર્જન થશે, જ્યારે તેમના ટેરીફના ભયથી શેરબજાર હચમચી ઉઠ્યું છે અને આર્થિક મંદીની આશંકા વધી રહી છે.

ટ્રમ્પે 2018માં ધાતુઓ પરના તેમના ટેરીફમાંથી તમામ છૂટ દૂર કરી, ઉપરાંત એલ્યુમિનિયમ પરનો ટેરિફ 10 ટકાથી વધાર્યો હતો. ફેબ્રુઆરીના નિર્દેશના આધારે, તેમના પગલાં વૈશ્વિક વેપારને વિક્ષેપિત કરવા અને પરિવર્તન લાવવાના વ્યાપક પ્રયાસનો ભાગ છે.

અમેરિકી પ્રમુખે કેનેડા, મેક્સિકો અને ચીન પર અલગ ટેરિફ લગાવ્યા છે, જેમાં 2 એપ્રિલથી યુરોપિયન યુનિયન, બ્રાઝિલ અને દક્ષિણ કોરિયામાંથી આયાત પર પણ વળતા ટેરીફ લગાવવાની યોજના છે.

બુધવારે ઈયુએ પોતાના પગલાંની જાહેરાત કરી. યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું હતું કે અમેરિકા 28 બિલિયન ડોલરના મૂલ્યના ટેરીફ લાગુ કરી રહ્યું છે, તેથી અમે 26 બિલિયન યુરો અથવા લગભગ 28 બિલિયન ડોલરના મૂલ્યના ટેરીફ સાથે વળતો જવાબ આપી રહ્યા છીએ. આ પગલાં, જે ફક્ત સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉત્પાદનો જ નહીં, પણ કાપડ, ઘરેલું ઉપકરણો અને કૃષિ માલને પણ આવરી લે છે, તે 1 એપ્રિલથી અમલમાં આવવાના છે.

ટ્રમ્પે મંગળવારે બિઝનેસ રાઉન્ડટેબલમાં કંપનીઓના વડાઓને જણાવ્યું હતું કે આ ટેરીફઓ કંપનીઓને અમેરિકી ફેક્ટરીઓમાં રોકાણ કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે. છેલ્લા મહિનામાં એસ એન્ડ પી 500 સ્ટોક ઈન્ડેક્સમાં વૃદ્ધિ પર પડેલી ખરાબ અસરના ભયને કારણે 8 ટકા ઘટાડાએ તેમને નિરાશ કર્યા

...અનુસંધાન પાના 4 પર

યુરોપિયન યુનિયને અમેરિકી ઉત્પાદનો પર વળતા ટેરિફ લગાવ્યા

યુરોપિયન બ્લોક 26 અબજ યુરોના સામસામે લીધેલાં પગલાં સાથે પ્રતિક્રિયા આપી રહ્યું છે

બ્રસેલ્સ, તા. 12 (AP): યુરોપિયન યુનિયને બુધવારે અમેરિકી ઔદ્યોગિક અને કૃષિ ઉત્પાદનો પર નવી જકાત લાદવાની જાહેરાત કરી, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર 25 ટકા સુધીના જકાતમાં વધારો કર્યાના કલાકોમાં જ પ્રતિક્રિયા આપી હતી.

વિશ્વનો સૌથી મોટો વેપારી બ્લોક અમેરિકી ટેરિફની અપેક્ષા રાખતો હતો અને અગાઉથી તૈયારી કરી રહ્યો હતો, પરંતુ આ પગલાં હજુ પણ પહેલાથી જ તણાવપૂર્ણ ટ્રાન્સએટલાન્ટિક સંબંધો પર ભારે તાણ લાવે છે. ગયા મહિને જ,

...અનુસંધાન પાના 4 પર

ટ્રમ્પના મેટલ ટેરિફના જવાબમાં કેનેડા 20 બિલિયન યુએસ ડોલરથી વધુ ટેરિફની જાહેરાત કરશે

ટોરોન્ટો. કેનેડા સરકારના એક વરિષ્ઠ અધિકારીએ બુધવારે જણાવ્યું હતું કે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા 25% સ્ટીલ અને એલ્યુમિનિયમ ટેરિફના જવાબમાં કેનેડા 29.8 બિલિયન યુએસ ડોલર (20.7 બિલિયન ડોલર)ના પ્રતિશોધાત્મક ટેરિફની જાહેરાત કરશે. અધિકારીએ નામ ન છાપવાની શરતે વાત કરી હતી. કારણ કે, તેઓને જાહેરાત પહેલાં બોલવા માટે અધિકૃત કર્યા ન હતા. યુરોપિયન યુનિયને પણ બુધવારે યુએસ ઔદ્યોગિક અને કૃષિ ઉત્પાદનો પર નવા ટેરિફ સાથે બદલો લેવાની વેપાર કાર્યવાહીની જાહેરાત કરી હતી,

...અનુસંધાન પાના 4 પર

વિરોધીઓ ભાગીદાર બન્યા

એરટેલ બાદ જિયોએ મસ્કના સ્ટારલિન્ક સાથે સેટેલાઈટ ઈન્ટરનેટ સોદો કર્યો

સ્ટારલિંકની બ્રોડબેન્ડ ઇન્ટરનેટ સેવાઓ ભારતમાં લાવવા માટે અંબાણીની કંપનીએ સોદો કર્યો

નવી દિલ્હી, તા. 12 (PTI): અબજોપતિ મુકેશ અંબાણીના જિયો પ્લેટફોર્મ્સે ઈલોન મસ્કની એરોસ્પેસ કંપની સ્પેસએક્સ સાથે સોદો કર્યો છે, જે સ્ટારલિંકની બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સેવાઓ ભારતમાં લાવવા માટે છે, મસ્કના સાહસને સ્પેક્ટ્રમ અધિકારો કેવી રીતે આપવા તે અંગે મહિનાઓથી વિવાદ ચાલી રહ્યો છે ત્યારે આ એક આશ્ચર્યજનક પગલું છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમણા હાથ ગણાતા મસ્ક સાથેનો આ સોદો ટેલિકોમ ઉદ્યોગપતિ સુનીલ ભારતી મિત્તલની ભારતી એરટેલ દ્વારા સ્પેસએક્સ સાથે આવો જ ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યાના એક

...અનુસંધાન પાના 4 પર

કેમલિન યુદ્ધવિરામ પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યું છે, યુક્રેનમાં ફરીથી યુએસ હથિયારો મોકલાયાં

કિવ, તા. 12 (AP). ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયાના આક્રમણ સામેની લડાઈમાં કિવ માટે લશ્કરી સહાય પરનો પ્રતિબંધ ઉઠાવી લીધાના એક દિવસ પછી અધિકારીઓએ બુધવારે યુક્રેનને યુએસ હથિયારો મોકલવાનું ફરીથી શરૂ કરી દીધું છે અને અધિકારીઓ યુક્રેન દ્વારા

...અનુસંધાન પાના 4 પર

યુક્રેન 30 દિવસના યુદ્ધવિરામ માટે સંમત

રશિયાને આ માટે મનાવવાનું કામ અમેરિકાનું: ઝેલેન્સ્કી યુદ્ધવિરામ સોદો સ્વીકારવો તે રશિયા પર નિર્ભર કરે છે: ટ્રમ્પ

ન્યૂયોર્ક-વોશિંગ્ટન, તા. 12 (PTI): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમને આશા છે કે રશિયા યુક્રેન સાથે 30 દિવસના યુદ્ધવિરામ માટે સંમત થશે, જ્યારે પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સકીએ બુધવારે તેને એક સકારાત્મક પગલું ગણાવ્યું અને કહ્યું કે રશિયાને આ માટે મનાવવાનું કામ અમેરિકાનું છે.

મંગળવારે સાઉદી અરેબિયાના જેદ્દાહમાં અમેરિકા અને યુક્રેનના વરિષ્ઠ અધિકારીઓએ મોસ્કો અને કિવ વચ્ચે ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને વાટાઘાટો કરી હતી, જેમાં 30 દિવસના યુદ્ધવિરામ સ્વીકારવાનો સંકેત આવ્યો હતો.

'થોડા સમય પહેલા, યુક્રેન યુદ્ધવિરામ માટે સંમત થયું છે. હવે અમે રશિયા પાસે જઈ રહ્યા છીએ અને આશા છે કે પ્રમુખ પુતિન પણ તેના માટે સંમત થશે', એમ ટ્રમ્પે જેદ્દાહમાં થયેલી જાહેરાત પછી તરત જ અહીં કહ્યું હતું.

'જો આપણે રશિયા પાસેથી તે કરાવી લઈશું, તો તે સારું રહેશે. જો આપણે નહીં કરી શકીએ, તો યુદ્ધ આગળ વધતું રહેશે અને લોકો માર્યા જશે', એમ તેમણે તેમના ટ્રુથ-સોશિયલ એકાઉન્ટ પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં કહ્યું.

તેમણે ટૂંક સમયમાં રશિયા સાથેની બેઠકો વિશે પણ વાત કરી, જે તેમના

...અનુસંધાન પાના 4 પર